

australian centre for grief and bereavement

# શોક અને વિરહ (ગ્રિફ એન્ડ બિરીવમેન્ટ)

## ઓસ્ટ્રેલિયન સેન્ટર ફોર ગ્રિફ એન્ડ બિરીવમેન્ટ

COVID-19ની અસરોને કારણે ઓસ્ટ્રેલિયાના ઘણા વૃદ્ધો શોક, ખોટ અથવા વિરહ અનુભવતાં હોય શકે છે.

મદદ મેળવવી યોગ્ય છે, શોક, ખોટ અને વિરહ સહાય સેવાઓ ઉપલબ્ધ છે. ફોન પર વાતચીત માટે ૧૮૦૦ ૨૨૨ ૨૦૦ પર ફોન કરો અને જોડાવ, સંસાધનો અથવા બિરીવમેન્ટ પ્રેક્ટિશનર (શોકાતૂર વ્યક્તિઓ સાથે વાતો કરી મન હળવું કરાવનાર વ્યવસાયી) શોધવા માટે **www.aged.grief.org.au**ની મુલાકાત લો. પ્રિયજનને ટેકો આપવા માટે સલાહ મેળવવા **'My Grief'** એપ ડાઉનલોડ કરો.

**બધી જ સેવાઓ નિ:શુલ્ક, ગોપનીય છે અને લોકોની સંસ્કૃતિ, ધર્મ, ઓળખ અને જીવનશૈલીનો આદર કરે છે.**

**ગ્રિફ એન્ડ બિરીવમેન્ટ**
૧૮૦૦ ૨૨૨ ૨૦૦
www.aged.grief.org.au

**ચિત્તભ્રંશની વર્તણૂકમાં સહાય (ડિમેન્શીયા બિહેવીઅર સપોર્ટ)**
૧૮૦૦ ૬૯૯ ૭૯૯
www.dementia.com.au

**આઘાત સહન કરવાના સંસાધનો (ટ્રોમા રિસોર્સીસ)**
www.phoenixaustralia.org/aged-care

**સલાહ અને હિમાયત**
૧૮૦૦ ૭૦૦ ૬૦૦
www.opan.com.au

**અનુવાદો અને સુલભતા**

અનુવાદ અને દુભાષિયા સેવા (TIS) માટે ૧૩૧ ૪૫૦ પર ફોન કરી, તમારી ભાષા જોડી આપવા કહો.

ઓસ્લાન (મૂક-બધિર) કનેક્શન્સ માટે ૧૩૦૦ ૦૧૦ ૮૭૭, ઇમેલ interpreter.bookings@deafservices.org.au, ફેક્સ ૦૭ ૩૮૯૨ ૮૫૧૧ અથવા એસએમએસ ૦૪૦૭ ૬૪૭ ૫૯૧.

શોક અને આઘાત સહાય કાર્યક્રમ, હાલની માનસિક આરોગ્ય સેવાઓની પૂરક સેવા છે. કટોકટીના સમયમાં ઉપલબ્ધ સહાય માટે, લાઇફલાઇન: www.lifeline.org.au અને બીયોન્ડ બલ્યુ: www.beyondblue.org.au, હેડ ટુ હેલ્થ: www.headtohealth.gov.au પર જુઓ અથવા તમારા દાક્તર જોડે વાત કરો.

Gujarati

**Ageing and Aged Care**
Grief and Trauma Support

Australian Government

# વૃદ્ધ સંભાળ સેવામાં COVID-19 કારણે પ્રભાવિત છો?

વૃદ્ધ સંભાળના રહેવાસીઓ અને સેવાઓ મેળવનારાઓ, તેમના પરિવારો, પસંદ કરેલ કુટુંબ, મિત્રો, પ્રિયજનો, સમુદાય મુલાકાતીઓ અને પ્રતિનિધિઓ, અને વૃદ્ધ સંભાળ કર્મચારીઓ માટે પ્રત્યક્ષ હાજરીમાં, ફોન પર અને ઓનલાઇન મદદ ઉપલબ્ધ છે.



australian centre for grief and bereavement
DS Dementia Support Australia
OPAN
Phoenix AUSTRALIA

# COVID-19થી પ્રભાવિત છો?

## નિ:શુલ્ક સહાય ઉપલબ્ધ છે



## ડિમેન્શીયા બિહેવીયર સપોર્ટ

### ડિમેન્શીયા સપોર્ટ ઓસ્ટ્રેલિયા

COVID-19 પ્રતિબંધોને કારણે ડિમેન્શીયા ધરાવતા વૃદ્ધ સંભાળના રહેવાસીઓની વર્તણૂંકો બદલાયેલી હોય શકે છે.

આખા ઓસ્ટ્રેલિયામાં દિવસના ૨૪ કલાક સ્પેશીયલ એંગેજમેન્ટ (ખાસ સહયોગ) સલાહકારો, તબીબી ટેકો, યોજનાઓ અને યુક્તિઓ, સલાહ અને માહિતી સેવાઓ ઉપલબ્ધ છે.

બદલાયેલ વર્તણૂંકોને કાબૂમાં કરવામાં મદદની જરૂર છે? ૧૮૦૦ ૬૯૯ ૭૯૯ પર ફોન કરો અથવા **www.dementia.com.au**ની મુલાકાત લો.

## સલાહ અને હિમાયત

### વૃદ્ધ વ્યક્તિઓનું હિમાયત જૂથ (OPAN)

ઓપીએએન સરકાર અને વૃદ્ધ સંભાળ પ્રદાતાઓથી સ્વતંત્ર છે. નેટવર્ક નિ:શુલ્ક અને ગોપનીય વૃદ્ધ સંભાળ હિમાયત, COVID-19 સલાહ અને સંદર્ભો (રેફરલ)જેવી સેવાઓ પ્રદાન કરે છે.

નિ:શુલ્ક અને ગોપનીય હિમાયત અને સલાહ માટે ૧૮૦૦ ૭૦૦ ૬૦૦ પર જોડાવ અથવા **www.opan.com.au**ની મુલાકાત લો.

## આઘાત સંસાધનો

### ફિનિક્સ ઓસ્ટ્રેલિયા

COVID-19ને લીધે જૂના માનસિક આઘાત તાજા થયા હોય અથવા નવો માનસિક આઘાત લાગ્યો હોય તેવું બની શકે છે. જ્યારે કેટલાક લોકો તેમાંથી બહાર આવી જાય છે તો કેટલાકને, માનસિક અસ્વસ્થતા આવી શકે છે અને મદદની જરૂર પડી શકે છે.

ફિનિક્સ ઓસ્ટ્રેલિયા આઘાતજનક અનુભવોથી પ્રભાવિત લોકોને અને તેમની કાળજી રાખનારાઓને માહિતી અને સાધનો પ્રદાન કરે છે. સંસાધનોમાં વૃદ્ધો, તેમના કુટુંબો અને સંભાળકર્તાઓ માટે આઘાત અને શોક વિષેની માહિતીનો સમાવેશ થાય છે. વૃદ્ધ સંભાળ કર્મચારીઓ અને મેનેજરો માટે તથ્ય પત્રિકાઓ, વેબીનારો અને તાલીમ પણ ઉપલબ્ધ છે.

મદદની જરૂર છે? તે મેળવો:
**www.phoenixaustralia.org/aged-care**

